MND Association

# 1B
# અન્ય ભાષાઓ અથવા ફોર્મેટમાં આરોગ્ય માહિતી

**મોટર ન્યુરૉન ડિઝીઝ (રોગ) અથવા કેનેડીઝ ડિઝીઝ ધરાવતા અથવા તેનાથી પીડીત લોકો માટે માહિતી**

જો અંગ્રેજી આપની માતૃભાષા ન હોય અથવા આપને બરાબર દેખાતું ન હોય, તો MND અથવા કેનેડીઝ રોગ અને ઉપલબ્ધ સહાયના પ્રકાર વિશે માહિતી મેળવવાનું મુશ્કેલ બની શકે છે. આ પત્રક સમજાવે છે કે અન્ય ભાષાઓમાં અથવા બ્રેઇલ, મોટા પ્રિન્ટ અથવા ઑડિઓ જેવા વૈકલ્પિક ફોર્મેટમાં માહિતી કેવી રીતે મેળવવી. આ માહિતી પત્રક વિવિધ ભાષાઓમાં ઉપલબ્ધ છે અને તેમાં સમાવિષ્ટ માહિતીમાં સમાવેશ થાય છે:

1. **હું અન્ય ભાષાઓમાં માહિતી કેવી રીતે મેળવું?**
2. **શું મને અન્ય ફોર્મેટમાં માહિતી મળી શકે છે?**
3. **બીજી કઈ વસ્તુ થી મને મદદ મળી શકે છે?**
4. **હું વધારે જાણકારી કેવી રીતે મેળવી શકું?**

આ મૂળ માહિતીનું ભાષાંતરિત સંસ્કરણ છે. MND સંગઠન ખ્યાતનામ ભાષાંતર સેવાઓનો ઉપયોગ કરે છે, પરંતુ ભાષાંતરમાં કોઈ ભૂલોની જવાબદારી લઈ શકતું નથી.

જ્યારે સારવાર અને કાળજી વિશે નિર્ણયો લઈ રહ્યા હોવ, ત્યારે હંમેશા આપની સ્વાસ્થ્ય અને સામાજિક કાળજી ટીમની સલાહ લો. તેઓ અપૉઇન્ટમેન્ટમાં મદદ કરવા માટે અનુવાદકની વ્યવસ્થા કરી શકશે.

વધુ માહિતીનું ભાષાંતર શક્ય હોઈ શકે છે, પરંતુ આ એક મર્યાદિત સેવા છે. વિગતો માટે અમારી હેલ્પલાઇન MND Connectનો સંપર્ક કરો:

ટેલિફોન: **0808 802 6262**
ઈમેલ: **mndconnect@mndassociation.org**

આ ચિહ્ન MND અથવા કેનેડીઝ ડિસીઝ સાથે જીવતા અથવા તેનાથી પ્રભાવિત થયેલા લોકોના ઉદ્ધરણોને દર્શાવે છે.

આ ચિહ્ન આપને વધુ માહિતી મેળવવામાં મદદરૂપ બનતા અમારા માહિતી સ્રોતોને દર્શાવે છે. વિભાગ 4 **હું વધુ માહિતી કેવી રીતે મેળવી શકું?**માં પ્રિન્ટેડ નકલો ડાઉનલોડ કરવાની અથવા મંગાવવાની માહિતી જાણો.

# 1. હું અન્ય ભાષાઓમાં માહિતી કેવી રીતે મેળવું?

### MND Association તરફથી

જો આપ અમારો સંપર્ક કરો છો, તો અમારી સેવાઓને જણાવો કે આપને ચોક્કસ રીતે પૂરી પાડવામાં આવતી અથવા બીજી ભાષામાં મદદની જરૂર છે કે નહિ. જો અમે આપની ભાષા બોલતા ન હોઈએ, તો શરૂઆતમાં તમને કોઈ એવા વ્યક્તિની જરૂર પડી શકે છે જે અંગ્રેજી બોલે અને મદદ કરી શકે. જો તેઓ અમારી MND Connect હેલ્પલાઇનનો સંપર્ક કરે, તો તેઓ અમારી ટીમને આપની જરૂરિયાતો સમજવામાં મદદ કરી શકે છે.

**MND Connect**
ટેલિફોન: 0808 802 6262
ઈમેલ: mndconnect@mndassociation.org

જો કે, અમારી હેલ્પલાઇન ટીમ પછી આપના માટે અનુવાદ કરી શકે તેવા દુભાષિયા સાથે ટેલિફોન કૉલ ગોઠવી શકશે. આપ અમારી બેનિફિટ્સ એડવાઇસ સર્વિસ સાથે વાતચીત કરવા માટે પણ આ સહાય માટે કહી શકો છો.

અમે આરોગ્ય અથવા સામાજિક સંભાળ મુલાકાતો માટે અથવા આપની અને અન્ય બાહ્ય વ્યક્તિ વચ્ચેના કૉલ્સ માટે ટેલિફોન દુભાષિયા પ્રદાન કરી શકતા નથી.

જો કે, જો આપને આરોગ્ય અને સામાજિક સંભાળ સેવા દ્વારા દુભાષિયા અથવા અનુવાદ ઍક્સેસ કરવામાં સમસ્યા આવી રહી હોય, તો અમારી હેલ્પલાઇન ટીમ મદદ કરી શકે છે. તેઓ આપના વતી સેવાનો સંપર્ક કરીને કારણ શોધી શકે છે અને ઉકેલ લાવી શકે છે.

**"આપે આપેલી માહિતીએ મને સારવાર અંગે ચર્ચામાં સક્રિય રીતે જોડાવા અને ડોકટરો અને નર્સો સાથે દલીલ કરવા માટે સશક્ત બનાવી છે."**

અમે વિવિધ ભાષાઓમાં પ્રારંભિક માહિતી સ્ત્રોતો પ્રદાન કરીએ છીએ. તેમાં આપને વિચારવા પડતા મુખ્ય ક્લિનિકલ નિર્ણયો અંગેની માહિતી પત્રકોનો સમાવેશ થાય છે.

અમારા અનુવાદિત પ્રકાશનો અહીંથી ડાઉનલોડ કરો: **mndassociation.org/languages** અથવા તેની પ્રિન્ટ MND Connect પરથી ઑર્ડર કરો. મહેરબાની કરીને નોંધ કરો, અમે ખ્યાતનામ ભાષાંતર સેવાઓનો ઉપયોગ કરે છે, પરંતુ ભાષાંતરમાં કોઈ ભૂલોની જવાબદારી લઈ શકતું નથી.

અમે પહેલાથી જ પૂરી પાડીએ છીએ તે ભાષા કરતાં અલગ ભાષામાં જો આપને કોઈપણ વસ્તુઓની જરૂર હોય તો MND Connect ને જણાવો. સારવાર અથવા સંભાળ વિશે મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આપની મદદ કરવા માટે અમે બીજી માહિતી પત્રક અથવા મોટા માર્ગદર્શિકામાંથી કોઈ વિભાગનો અનુવાદ પણ કરી શકીએ છીએ.

અમારા અનુવાદિત સંસાધનો ભાષા દ્વારા સૂચિબદ્ધ છે જેથી વાચકોને શું ઉપલબ્ધ છે તે શોધવામાં મદદ મળે. અનુવાદ સેવા કેવી રીતે કામ કરે છે, તે દરેક ભાષામાં સમજાવવામાં આવે છે.

## આરોગ્ય અને સામાજિક સંભાળ અપૉઇન્ટમેન્ટ પર

સારવાર અને સંભાળ વિશે નિર્ણય લેતી વખતે, આપને ટેકો આપતા આરોગ્ય અને સામાજિક સંભાળ વ્યાવસાયિકો સાથે વિકલ્પોની ચર્ચા કરવી મહત્વપૂર્ણ છે. જો તેઓ આપની ભાષા ન બોલતા હોય, તો આ પ્રક્રિયા મુશ્કેલ બની શકે છે. જોકે, આરોગ્યસંભાળ પ્રદાતાઓએ લોકોને આ વાતચીતો સમજવામાં મદદ કરવા માટે વાજબી ફેરફારો કરવા જોઈએ.

તેઓ અપૉઇન્ટમેન્ટમાં, ખાસ કરીને તબીબી અપૉઇન્ટમેન્ટમાં મદદ કરવા માટે અનુવાદકની વ્યવસ્થા કરી શકે છે. ઘણી GP સર્જરી અને હોસ્પિટલો પ્રમાણભૂત રીતે ભાષાંતર સેવાઓ પ્રદાન કરે છે, પરંતુ અન્ય ફક્ત વિનંતી પર જ તે પૂરી પાડશે.

જો આપને લાગે કે ભાષાની જરૂરિયાતોને કારણે તમારા ડૉક્ટર હંમેશા આપની આરોગ્ય સમસ્યાઓ સમજી શકતા નથી, તો તમારા GP સર્જરીને આપની અપૉઇન્ટમેન્ટ દરમિયાન દુભાષિયાની હાજરી ગોઠવવા માટે કહો. આપને આ અગાઉથી કરવાની જરૂર પડશે, જેથી વ્યવસ્થા કરી શકાય. શું આપના માટે પુરુષ કે સ્ત્રી દુભાષિયા હોવું મહત્વપૂર્ણ છે તે તેમને જણાવો.

આરોગ્ય સેવાની કાનૂની જવાબદારી છે કે તેઓ તાલીમ પામેલા દુભાષિયા પૂરા પાડે. આપની સાથે વકીલ રાખવાનો પણ અધિકાર છે. આ એવી વ્યક્તિ છે જેના પર આપ વિશ્વાસ કરો છો કે તે આપની જરૂરિયાતો અને ઇચ્છાઓને નિષ્પક્ષ રીતે જણાવવામાં મદદ કરશે.

વકીલ પુખ્ત મિત્ર અથવા પરિવારનો સભ્ય, અથવા વ્યાવસાયિક વકીલ હોઈ શકે છે. જો આપને બોલવામાં મુશ્કેલી હોય, અથવા જો આપ અપૉઇન્ટમેન્ટમાં દરમિયાન ખૂબ થાકી જાઓ છો, તો આ ઉપયોગી થઇ શકે છે.

i વધુ માહિતી માટે અમારી પુસ્તિકા: **MND અંગે લોકોને માહિતી આપવી** જુઓ, જેમાં તમારા હિતોની રજૂઆત કરવી અને તમારા નિદાન વિશે સંચાર કરવા અંગે વધુ માહિતી આપવામાં આવી છે.

જો આપના GP અથવા હોસ્પિટલ દ્વારા લેખિત માહિતી પૂરી પાડવામાં આવે, તો આ આપની પ્રથમ ભાષામાં પણ માંગી શકાય છે.

જો આપ ઇંગ્લૈંડ, વેલ્સ અથવા સ્કૉટલૅન્ડમાં સામાજિક સંભાળ મૂલ્યાંકન કરાવી રહ્યા છો, તો આપના સ્થાનિક સત્તાધિકારીને દુભાષિયા વિશે પૂછો.

ઉત્તર આયર્લૅન્ડમાં આપના સ્થાનિક આરોગ્ય અને સામાજિક સંભાળ ટ્રસ્ટને પૂછો. મોટાભાગના કિસ્સાઓમાં તેઓ ભાષા સહાય માટે વ્યવસ્થા કરવાનો પ્રયાસ કરશે, જેથી ખાતરી થઈ શકે કે આપનું મૂલ્યાંકન ન્યાયી છે

અને આપની જરૂરિયાતોને પૂર્ણ કરે છે.

### અન્ય સંસ્થાઓ અને વેબસાઇટ્સ તરફથી

વેબસાઇટ્સ પર સ્વચાલિત અનુવાદ ક્યારેક મદદ કરી શકે છે, પરંતુ તે સચોટ ન પણ હોઈ શકે અને ગેરમાર્ગે દોરનારું હોઈ શકે છે. અમુક સંસ્થાઓ વિવિધ ભાષાઓમાં માહિતી પૂરી પાડે છે. તેમની વેબસાઇટ જુઓ અથવા કોઈને આપના માટે સંસ્થાનો સંપર્ક કરવા માટે કહો.

## 2. શું મને અન્ય ફોર્મેટમાં માહિતી મળી શકે છે?

### MND Association તરફથી

અમારી માહિતી અને ઉપલબ્ધ ફોર્મેટ વિશે માર્ગદર્શન માટે અમારી હેલ્પલાઇન, MND Connectનો સંપર્ક કરો. તેઓ આપને નીચેનાને ઍક્સેસ કરવામાં મદદ કરી શકે છે:

### બ્રેઇલ

અમારા અનુવાદિત સંસાધનોની જેમ, આપ અમારી માહિતી પત્રકો અથવા માર્ગદર્શિકાઓના ખંડોની નકલો બ્રેઇલમાં માંગી શકો છો. કૃપા કરીને નોંધ લો, અમે ખ્યાતનામ બ્રેઇલ સેવાઓનો ઉપયોગ કરીએ છીએ, પરંતુ ઉત્પાદનમાં કોઈપણ ભૂલો માટે જવાબદારી લઈ શકતા નથી.

### મોટી પ્રિન્ટ

અમારા નાના કાર્ડ્સ અને મિની પુસ્તિકાઓ સિવાય, અમારી બધી માહિતીમાં ઓછામાં ઓછું 12 પૉઇંટ ફૉન્ટનો ઉપયોગ થાય છે. જો આપ અમારી વેબસાઇટ પર અમારી માહિતીનો ઉપયોગ કરો, તો આપ લખાણનું દર્શન કદ વધારી શકો છો.

નીચેની વસ્તુઓ મોટા પ્રિન્ટમાં (16 પોઇન્ટ અથવા તેથી વધુ) બનાવવામાં આવી છે:

– **મોટર ન્યુરોન રોગ (MND) નો પરિચય**

– **મોટર ન્યુરોન રોગ (MND) માટે એક સરળ ફૉર્મેટમાં માર્ગદર્શિકા**

### ઑડિયો

અમે અંગ્રેજીમાં ઑડિયો ફોર્મેટમાં પ્રારંભિક માહિતી પ્રદાન કરીએ છીએ. આપ આ માહિતી સ્ત્રોતોને સાઉન્ડક્લાઉડ (SoundCloud) પર અહીં મેળવી શકો છો: **soundcloud.com/mndassoc/mnd-audiobook**

### એનિમેશન્સ

MND, કેનેડીઝ ડિસીઝ, અને આરોગ્ય તથા સામાજિક સંભાળ વિશેના અમારા એનિમેશન્સમાં સુલભતા માટે છબીઓ, અવાજ વર્ણન અને ઉપશીર્ષકોનું સંયોજન ઉપયોગમાં લેવામાં આવે છે. આ ટૂંકા વિડિયો સરળ સમજૂતી માટે બનાવવામાં આવ્યા છે અને અન્ય લોકો સાથે સરળતાથી શેર કરી શકાય છે.

અમારા એનિમેશન્સ અહીં જુઓ: **mndassociation.org/animations**

### આરોગ્ય અને સામાજિક સંભાળ અપૉઇન્ટમેન્ટ પર

GP સર્જરી, આરોગ્ય સેવાઓ અથવા સામાજિક સંભાળ મૂલ્યાંકન દ્વારા ઉત્પાદિત માહિતી બ્રેઇલ, મોટા પ્રિન્ટ અથવા અન્ય ફોર્મેટમાં પણ ઉપલબ્ધ હોઈ શકે છે.

**"અનુવાદ સેવાઓ ઉપલબ્ધ હોવી અને માહિતી વાંચવામાં સરળ ફોર્મેટમાં પૂરી પાડી શકાય તે ખૂબ જ મદદરૂપ છે."**

જો આપને દિવ્યાંગતા હોય જે તમને વાંચવામાં અને સહાય મેળવવા માટે માર્ગદર્શનનો ઉપયોગ કરવામાં મુશ્કેલી ઉભી કરે છે, તો મને આપની જરૂરિયાતો સમજાવો.

આરોગ્ય અને સામાજિક સંભાળ સેવાઓની ફરજ છે કે તેઓ ખાતરી કરે કે તેઓ આપતી નિર્ણય લેવા સંબંધિત માહિતી આપ ઍક્સેસ કરી શકો અને સમજી શકો. નીચેના સંસાધનો અંગ્રેજીમાં કાળજીની આ ફરજ કેવી રીતે સંચાલિત થાય છે તે અંગે વધુ વિગતો આપે છે:

### ઇંગ્લૈંડ માટે

Accessible Information Standard (માહિતી સુલભતા ધોરણ) અહીં જુઓ:

**england.nhs.uk/ourwork/accessibleinfo**

### વેલ્સ માટે

આ અહિયાં શોધો: Sensory loss communication needs (Accessible Information Standard) (ઇન્દ્રિય ક્ષતિ માટેની સંચાર જરૂરિયાતો (સુલભ માહિતી ધોરણ)): **gov.wales/health-social-care** જે અંગ્રેજી અને વેલ્શ બંને ભાષાઓમાં ઉપલબ્ધ છે.

### ઉત્તર આયર્લેન્ડ માટે

આ અહિયાં શોધો: Making communication accessible (સંદેશાવ્યવહારને સુલભ બનાવવું): **online.hscni.net**

### સ્કૉટલેન્ડ માટે

પ્રકાશનોની શોધ માટેના ક્ષેત્રનો ઉપયોગ કરીને આ અહિયાં શોધો: Accessible information policy (માહિતી સુલભતા નીતિ): **publichealthscotland.scot/publications**

## 3. બીજી કઈ વસ્તુ થી મને મદદ મળી શકે છે?

### વાચા અને સંચાર મૂલ્યાંકન

MND વાચા અને વાતચીતની આપલે કરવાની ક્ષમતાને અસર કરી શકે છે, જેનાથી બોલવું અથવા હાવભાવ અને ચહેરાના હાવભાવનો ઉપયોગ કરવો વધુ મુશ્કેલ બને છે. કેનેડીઝ રોગ આપની બોલવાની રીતને પણ અસર કરી શકે છે.

જો આપને સમસ્યાઓ થવા લાગે, તો તમારા ડૉક્ટરને મૂલ્યાંકન માટે વાચા અને ભાષા ચિકિત્સક પાસે રેફર કરવા માટે કહો.

તેઓ ઉપચાર અને સંચાર સહાયક સાધનો પર સલાહ આપી શકે છે, જેમાં ચિત્ર અને ટેક્સ્ટ બોર્ડ જેવી સરળ

વસ્તુઓથી લઈને કમ્પ્યુટર સોફ્ટવેરની વધુ વિગતવાર મદદનો સમાવેશ થઈ શકે છે.

આપ વૉઇસ બેંકિંગ અને મેસેજ બેંકિંગ પર માર્ગદર્શન પણ મેળવી શકો છો, જેથી આપ કમ્પ્યુટર ઉપકરણો દ્વારા શબ્દસમૂહો બોલવા માટે આપના રેકોર્ડ કરેલા અવાજનો ઉપયોગ કરી શકો.

**"મને તો આ ખરેખર અદ્ભુત લાગ્યું કે તેમની પાસે એવી ટેક્નોલોજી છે જે તેને પોતાની જ અવાજમાં બોલવાની મંજૂરી આપે છે. મારા પપ્પાને હું જેમ જાણું છું અને તેઓ બદલાવ જેવી બાબતો અંગે બહુ નર્વસ થાય છે, તેથી મને લાગ્યું કે આ તેમના માટે બિલકુલ યોગ્ય રહેશે, કારણ કે તેમને હજી પણ એવું લાગશે કે નિયંત્રણ તેમની પાસે જ છે અને તેમનો અવાજ પણ તેમની પાસે જ છે, ભલે પછી તેઓ પોતે બોલી શકતા ન હોય."**

અમારા માહિતી સ્ત્રોતો જુઓ:

— માહિતી પત્રક **7C વાચા અને સંચાર ટેકો**
— માહિતી પત્રક **7D વૉઇસ બેંકિંગ**
— **mndassociation.org/animations** પર અમારું વૉઇસ બેંકિંગ એનિમેશન

## લેખિત નોંધો પૂરી પાડવી

લોકોને આપની જરૂરિયાતો અને પસંદગીઓ સમજવામાં મદદ કરવા માટે પહેલેથી લખેલી નોંધો આપવી તમને મદદરૂપ થઈ શકે છે.

આ નોંધો આપની પસંદગીની ભાષા અને અંગ્રેજી બંનેમાં રાખવી આપની સંભાળમાં સામેલ બધાને મદદરૂપ થઈ શકે છે. આપને કોઈ સંબંધી, મિત્ર અથવા અનુવાદકની મદદ લેવાની જરૂર પડી શકે છે.

આ પ્રકારની નોંધો આવા સમયમાં ઉપયોગી થઈ શકે છે:

— અપૉઇન્ટમેન્ટમાં હાજરી આપતી વખતે

— મુસાફરી કરતી વખતે અથવા તમારા સામાન્ય દિનચર્યાના કામ કરતી વખતે

— સામાજિક કાર્યક્રમોમાં.

તમને નીચેના લખાણો ઉપયોગી લાગી શકે છે.

તે અંગ્રેજીમાં આપવામાં આવ્યા છે, જેથી અંગ્રેજી વાંચનારાઓ આપની જરૂરિયાતો સમજી શકે. યોગ્ય હોય ત્યાં MND માટે એક અને કેનેડીઝ રોગ માટે એક છે.

ખાલી જગ્યાઓમાં ફક્ત આપની ભાષાનું નામ અને સંપર્ક વિગતો ઉમેરો.

**MND માટે:**

## I find it difficult to communicate because I have motor neurone disease. I also speak in:

**આપની પસંદગીની ભાષાનું નામ અહીં દાખલ કરો:**

## If you cannot speak my language and need to communicate with me, my carer/relative/doctor can help. Please contact:

**પસંદગીની સંપર્ક વિગતો અહીં ઉમેરો:**

---

**કેનેડીઝ ડિઝીઝ માટે:**

## I find it difficult to communicate because I have Kennedy’s disease. I also speak in:

**આપની પસંદગીની ભાષાનું નામ અહીં દાખલ કરો:**

## If you cannot speak my language and need to communicate with me, my carer/relative/doctor can help. Please contact:

**પસંદગીની સંપર્ક વિગતો અહીં ઉમેરો:**

## સરળ ફોર્મેટ

સરળ ફોર્મેટમાં છબીઓ અને મોટા અક્ષરોમાં સરળ વાક્યોનું સંયોજન ઉપયોગમાં લેવામાં આવે છે.

તે ઉપયોગી થઇ શકે છે જો આપ:

- અંગ્રેજીમાં સરળ લખાણ વાંચવા માંગો છો
- કોઇ વિષય વિશે મૂળભૂત માહિતીની જરૂર હોય
- શીખવામાં મુશ્કેલી છે અથવા કોઇને ઓળખો છો જેને શીખવામાં તકલીફ છે.

i વધુ માહિતી માટે અમારી પુસ્તિકા: **મોટર ન્યુરોન રોગ (MND) માટે એક સરળ માર્ગદર્શિકા.**

## અનુવાદ સેવાઓ

અનુવાદ સેવાઓ મોંઘી હોઈ શકે છે.

જો આપ અનુવાદ માટે પોતે ચૂકવણી કરવાની વિચારણા કરો છો, તો પહેલા તમારા નિષ્ણાતો પાસેથી માર્ગદર્શન લો.

આ નીચે મુજબ હોઈ શકે છે:

- ડૉક્ટરની સર્જરી
- MND સંભાળ કેન્દ્ર અથવા નેટવર્ક
- ન્યુરોલોજી સેવા
- સ્થાનિક સત્તા અથવા કાઉન્સિલ (ઇંગ્લૅંડ, વેલ્સ અથવા સ્કૉટલૅન્ડ)
- સ્થાનિક આરોગ્ય અને સામાજિક સંભાળ ટ્રસ્ટ (ઉત્તર આયર્લૅન્ડ).

જો તેઓ સીધી મદદ ન કરી શકે, તો આ વ્યાવસાયિકો અને સેવાઓ પાસે તેઓ ઉપયોગ કરતા પસંદગીના સપ્લાયર્સ હોઈ શકે છે. જો તેઓ ભલામણ ન કરી શકે, તો તેઓ પાસે કેટલીક માર્ગદર્શિકા હોઈ શકે છે.

i અમારી MND Association અનુવાદ સેવા વિશે વિભાગ 1 **માહિતી અન્ય ભાષાઓમાં કેવી રીતે મેળવવી?** જુઓ. અમારી વિસ્તૃત સહાય વિશે વધુ જાણવા માટે વિભાગ 4 **હું વધારે જાણકારી કેવી રીતે મેળવી શકું?** જુઓ

# 4. હું વધારે જાણકારી કેવી રીતે મેળવી શકું?

## ઉપયોગી સંસ્થાઓ

અમે સંસ્થાઓને સમર્થન આપી શકતા નથી, પરંતુ નીચે આપેલ માહિતી તમને વધુ માહિતી શોધવામાં મદદરૂપ થઈ શકે છે. અમારી MND Connect હેલ્પલાઇન તમને સંસ્થાઓ શોધવામાં મદદ કરી શકે છે. સંપર્ક વિગતો માટે આ વિભાગમાં આગળ આ શીર્ષક હેઠળ જુઓ: અમારી સહાય.

**Advicenow**
અધિકારો અને કાનૂની મુદ્દાઓ પર ઑનલાઇન માહિતી.
વેબસાઇટ: **advicenow.org.uk**

**Citizens Advice**
કાનૂની, નાણાં અને અન્ય સમસ્યાઓના નિરાકરણમાં મદદ કરવા માટે મફત, ગોપનીય સલાહ.
ટેલિફોન: 0800 144 8848 (ઇંગ્લૈંડ)
0344 477 2020 (વેલ્સ)
વેબસાઇટ: **citizensadvice.org.uk (ઇંગ્લૈંડ)**
**citizensadvice.org.uk/wales (વેલ્સ)**
**citizensadvice.org.uk/nireland (ઉત્તર આયર્લેન્ડ)**

**Disability Action**
ઉત્તરી આયર્લેન્ડની એક ચેરિટી સંસ્થા જે દિવ્યાંગ લોકોના અધિકારો માટે કામ કરે છે.
ટેલિફોન: 028 9029 7880
ઈમેલ: hq@disabilityaction.org
વેબસાઇટ: **disabilityaction.org**

**સરકારી માહિતી**
લાભો અને સહાય અંગેની સરકારી ઑનલાઇન માહિતી.
વેબસાઇટ: **gov.uk** (ઇંગ્લૈંડ અને વેલ્સ)
**nidirect.gov.uk** (ઉત્તર આયર્લેન્ડ)
**gov.scot** (સ્કૉટલૅન્ડ)

**NHS and UK healthcare**
સમગ્ર યુકેમાં NHS સેવાઓ અને આરોગ્યસંભાળ વિશે માહિતી.
ટેલિફોન: 111 (ઇંગ્લૈંડ, વેલ્સ અને સ્કૉટલૅન્ડ)
વ્યક્તિગત ટ્રસ્ટની વેબસાઇટના સંપર્ક પેજ જુઓ (ઉત્તર આયર્લેન્ડ).
વેબસાઇટ: **111.nhs.uk** (ઇંગ્લૈંડ)
**111.wales.nhs.uk** (વેલ્સ)
**hscni.net** (ઉત્તર આયર્લેન્ડ)
**nhs24.scot** (સ્કૉટલૅન્ડ)

**Relay UK**
શ્રવણ અને બોલવામાં મુશ્કેલી ધરાવતા લોકોને સંચાર કરવામાં મદદ કરતી રાષ્ટ્રીય સેવા.
ટેલિફોન: Relay એપ્લિકેશનનો ઉપયોગ કરો, અથવા 0800 500 888 પર કૉલ કરો
વેબસાઇટ: **relayuk.bt.com**

## સ્વીકૃતિઓ

અમારા વપરાશકર્તા સમીક્ષા ગ્રુપનો તેમની અનુભવો સહર્ષ શેયર કરવા બદલ આભાર.

આ પુસ્તિકાના વિકાસ અથવા સુધારા દરમિયાન તેમની સૌજન્યપૂર્ણ સમીક્ષા માટે નીચેના લોકોને
પણ આભાર:

**રૂથ ગ્લુ** MND માટે નેટવર્ક લીડ કોઓર્ડિનેટર, મોરિસ્ટન હોસ્પિટલ,
સ્વાનસી, વેલ્સ.

**લેસ્લી જોહ્નસ્ટન** સલાહ અને માહિતી અધિકારી, કેરર્સ નોર્થન આયર્લેન્ડ

**એલિઝાબેથ રોજર્સ** ક્લિનિકલ સ્પેશિયાલિસ્ટ ઓક્યુપેશનલ થેરાપિસ્ટ, મોટર ન્યુરૉન ડિસીઝ, યુનિવર્સિટી
હોસ્પિટલ્સ ઓફ ડર્બી એન્ડ બર્ટન NHS ફાઉન્ડેશન ટ્રસ્ટ

**“મને લાગે છે કે આ સંસાધન લોકોને એ જાણવામાં સશક્ત બનાવશે કે વધારાની મદદ ઉપલબ્ધ છે અને તે કેવી રીતે મેળવવી. સંઘર્ષ ન કરવો અને મદદ લેવી.”**

## સંદર્ભ

આ દસ્તાવેજને ટેકો આપવા માટે ઉપયોગમાં લેવાયેલા સંદર્ભો વિનંતી પર ઉપલબ્ધ છે:
ઈમેલ: **infofeedback@mndassociation.org**

અથવા અહીં લખો:
Information feedback,
Motor Neurone Disease Association,
Francis Crick House,
6 Summerhouse Road,
Moulton Park,
Northampton, NN3 6BJ

## વધુ માહિતી

અમે MND અને કેનેડીઝ ડિસીઝ વિશે વિવિધ પ્રકારની માહિતી પ્રદાન કરીએ છીએ.

શરૂઆત તરીકે, અમે નીચેના માહિતી સ્ત્રોતો વિવિધ ભાષાઓમાં પ્રદાન કરીએ છીએ.

અન્ય શીર્ષકો અહીં ઉપલબ્ધ થઇ શકે છે: **mndassociation.org/languages** તેમજ અમારી અનુવાદ સેવા દ્વારા માંગવામાં આવેલા શીર્ષકો સાથે.

### માહિતી પત્રકો

1B અન્ય ભાષાઓ અને ફોર્મેટમાં માહિતી (આ પત્રક)

7A ગળવામાં મુશ્કેલીઓ

7B નળી વડે આહાર આપવો

8A શ્વસન સમસ્યાઓ માટે ટેકો

8B મોટર ન્યુરૉન ડિઝીઝ માટે સંવાતન (હવાની અવરજવર)

### પુસ્તિકાઓ

મોટર ન્યુરોન રોગનો પરિચય

### લિંક્સ

અન્ય ભાષાઓમાં માહિતી અહીં મેળવો: **mndassociation.org/languages**

જરૂરિયાત મુજબ માહિતી અહીં શોધો: **mndassociation.org/careinfofinder**

વ્યાવસાયિકો માટે માહિતી અહીં મેળવો: **mndassociation.org/professionals**

અમારી માહિતી અહીં ડાઉનલોડ કરો: **mndassociation.org/publications**

અમારી MND Connect હેલ્પલાઇનમાંથી પ્રિન્ટેડ નકલો મંગાવો (આગળ અમારી સહાય જુઓ).

## અમારી સહાય

અમે દરરોજ મોટર ન્યુરોન રોગથી પ્રભાવિત લોકોને સહાય કરીએ છીએ, વધુ સારી સંભાળ માટે અભિયાન ચલાવીએ છીએ અને નવીન સંશોધન માટે ભંડોળ આપીએ છીએ. કારણ કે MND સાથે, દરેક દિવસ મહત્વનો છે.

અમે કેનેડીઝ ડિસીઝથી પ્રભાવિત લોકોને પણ સહાય કરીએ છીએ.

**MND Connect**
અમારી હેલ્પલાઇન MND ધરાવતા લોકો, સંભાળ રાખનારાઓ, પરિવાર અને વ્યાવસાયિકોને વ્યવહારુ અને ભાવનાત્મક સહાય, માહિતી અને માર્ગદર્શન પ્રદાન કરે છે. વધુ માહિતી અને વર્તમાન સમય માટે અહીં જુઓ: **mndassociation.org/mndconnect**

ટેલિફોન: 0808 802 6262
ઈમેલ: mndconnect@mndassociation.org

**સહાય સેવાઓ**
અમારી સહાય સેવાઓ વિશે અહીં જાણો: **mndassociation.org/our-services**

**સ્થાનિક અને પ્રાદેશિક સહાય**
અમારી શાખાઓ અને જૂથો વિશે અહીં જાણો: **mndassociation.org/local-support**

**MND સંઘ લાભ સલાહ સેવા**
દાવાઓ ઓળખવા અને અરજી કરવાની રીત માટે અહીં મુલાકાત લો: **mndassociation.org/benefitsadvice** અથવા અમારી MND Connect હેલ્પલાઇન પર કૉલ કરો.

ટેલિફોન: 0808 802 6262

**MND સંગઠન વેબસાઇટ અને ઑન લાઇન મંચ**
વેબસાઇટ: **mndassociation.org**
ઑનલાઇન મંચ: **forum.mndassociation.org**

# અમે તમારા મંતવ્યોનું સ્વાગત કરીએ છીએ

અમે શું સારું કરી રહ્યા છીએ અને MND અથવા કેનેડીઝ ડિસીઝથી પ્રભાવિત લોકો, તેમના પરિવારો અને સંભાળ રાખનારાઓ માટે અમારી માહિતી ક્યાં સુધારી શકીએ તે વિશે તમારો અભિપ્રાય અમને જાણવો ગમશે.

આપની અનામ ટિપ્પણીઓનો ઉપયોગ અમારી માહિતી સ્ત્રોતો, ઝુંબેશો અને ભંડોળ માટેની અરજીઓમાં જાગૃતિ વધારવા અને પ્રભાવ પાડવા માટે પણ થઈ શકે છે.

અમારી કોઈપણ માહિતી શીટ પર પ્રતિસાદ આપવા માટે, અમારા ઑનલાઇન ફોર્મને અહીંથી ઍક્સેસ કરો:
**smartsurvey.co.uk/s/infosheets_1-25**

આપ પત્રકના કાગળ વાળા રુપ માટે વિનંતી કરી શકો છો અથવા ઇમેલ વડે સીધો પ્રતિસાદ પુરો પાડી શકો છો:
**infofeedback@mndassociation.org**

અથવા અહીં લખો:
Information feedback
Motor Neurone Disease Association
Francis Crick House,
6 Summerhouse Road,
Moulton Park
Northampton, NN3 6BJ

## શું આપ અમારી માહિતીની વપરાશકર્તા સમીક્ષામાં મદદ કરવા માંગો છો?

જો આપ MND અથવા કેનેડીઝ ડિસીઝ સાથે જીવી રહ્યા છો, અથવા સંભાળ રાખનાર છો, તો અમારો સંપર્ક આ ઈમેલ પર કરો **infofeedback@mndassociation.org**

**© MND Association, 2026**

Motor Neurone Disease Association
Francis Crick House,
6 Summerhouse Road,
Moulton Park
Northampton, NN3 6BJ

ટેલિફોન: 01604 250505
ઈમેલ: enquiries@mndassociation.org
વેબસાઇટ: mndassociation.org

નોંધણી થયેલ સખાવત ક્રમાંક 294354

સુધારેલ: જાન્યુઆરી 2026
આગામી સમીક્ષા: ફેબ્રુઆરી 2028
સંસ્કરણ: 1